નવીન પદ્ધતિ પ્રમાણે શીખવવાની

મુંબાઇ ઇલાકાની ભૂગોળ.

205

(નકશાઓ સાથે.)

રચી

છપાવી પ્રસિદ્ધ કર્તા.

સી૦ જે૦ પરીખ.

મુકામ—વડોદરા.

અમદાવાદ—ટંકશાળમાં ધી. અ. યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ
કંપની લિમિટેડમાં મોતીલાલ સામળદાસે છાપી.

(પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૦૦૦)

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત ૦-૨-૦

નવીન પદ્ધતિ પ્રમાણે શીખવવાની

મુંબાઇ ઇલાકાની ભૂગોળ.

(નકશાઓ સાથે.)

રચી
છપાવી પ્રસિદ્ધ કર્તા.

સી૦ જે૦ પરીખ.

મુકામ—વડોદરા.

(પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૦૦૦)

અમદાવાદ—ટંકશાળમાં ધી અ. યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ
કંપની લિમિટેડમાં મોતીલાલ સામળદાસે છાપી.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીંમત ૦-૨-૦

મુંબાઇ ઇલાકાની ભૂગોળ.

નકશા ૧ લાની સમજુતી.

નદીઓ.

૧ સિંધુ—હિમાલય પર્વતમાંથી નીકળી સિંધમાં દક્ષિણ તરફ વહી અરબી સમુદ્રને મળે છે. એના ઉપર મુખ્ય શહેર હૈદરાબાદ છે.

૨ બનાસ અને સરસ્વતી—અરવલીના ડુંગરામાંથી નીકળી કચ્છના રણમાં જાય છે. સરસ્વતી ઉપર મુખ્ય શહેર સિદ્ધપુર છે.

૩ ભાદર અને શેત્રુંજી—કાઠીઆવાડમાં ગીર પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.

૪ સાબરમતી—અરવલીના ડુંગરામાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એના ઉપર મુખ્ય શહેર અમદાવાદ છે.

૫ મહી—ડુંગરપુરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એના ઉપર મુખ્ય શહેર ખંભાત છે.

૬ નર્મદા—અમરકંટક પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપર ચાણોદ અને ભરૂચ છે.

૭ તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપર મુખ્ય શહેર સુરત છે.

૮ ગોદાવરી—સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. તેના ઉપર મુખ્ય શહેર નાશક અને ત્ર્યંબક છે.

૯ કૃષ્ણા અને ભીમા—મહાબળેશ્વરના ડુંગરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. ભીમા ઉપર પંઢરપુર છે.


ધોધ—આ ઇલાકામાં સુરપાણ અને ગેરસપ્પા એ પ્રમાણે બે ધોધ છે સુરપાણનો ધોધ નર્મદા નદીમાં છે અને ગેરસપ્પાનો દક્ષિણમાં છે.

સરોવર—**મંચર** સરોવર સિંધમાં છે. ૨ **તાનસા** મહારાષ્ટ્રમાં છે.


અખાત—૧ કચ્છનો અખાત. ૨ ખંભાતનો અખાત.

સમુદ્ર—અરબી સમુદ્ર.

રણ—કચ્છની ઉત્તરે મોટું રણ છે.



धी अमदावाद युनियन् प्रिन्टिंगप्रेस कं.ली.मां छाप्यो.


મુંબઈ ઈલાકાના
પર્વતો, બેટ, ભૂશિરો,
અને આબોહવા.
સિંધ પ્રાંત
કચ્છ
દ્વારકાં
આબુ
આરાસુર
પાવાગઢ
સાતપુડા
મુંબઈ
માથેરાન
મહાબળેશ્વર

૩

નકશા ૨ જાની સમજુતી.

પર્વતો—૧ હાલા-સિંધની પશ્ચિમે છે.

૨ વિંધ્યાચળ અને સાતપુડા-પૂર્વ સરહદ ઉપર છે.

૩ આબુ, અરવલી અને આરાસુર—ગુજરાતમાં છે.

૪ ગીરનાર, ગીર, અને શેત્રુંજો—કાઠીઆવાડમાં છે.

૫ પાવાગઢ—ગુજરાતની પૂર્વમાં છે.

૬ સંહ્યાદ્રિ અથવા પશ્ચિમઘાટ દક્ષિણમાં ઉત્તર દક્ષિણ છે.

બેટો—૧ મુંબાઈબેટ-મુંબાઈ ઇલાકાની રાજધાનીનું શહેર છે તે બેટમાં વસેલું છે.

૨ ધારાપુરી—મુંબાઈની પાસે છે.

૩ સાષ્ટી—થાણા જીલ્લામાં છે.

૪ દીવ—કાઠીઆવાડની દક્ષિણે છે.

૫ દ્વારકાં—કાઠીઆવાડની પશ્ચિમે છે.

ભૂશિરો—૧ જગતપોઈન્ટ-કાઠીઆવાડની પશ્ચિમે.

૨ દીવ કાઠીઆવાડની દક્ષિણે.

આબોહવા—સિંધમાં વરસાદ ઘણો ઓછો છે. અને તાપ વધારે પડે છે કારણ કે ત્યાંની જમીન રેતાળ છે. ગુજરાતમાં સિંધ કરતાં વરસાદ વધારે અને તાપ ઓછો પડે છે. મુંબાઈ અને રત્નાગિરિ તરફ વરસાદ વધારે, મધ્યમાં વરસાદ ઓછો પડે છે અને હવા કોરી છે. દરિયા તરફની હવા ભીનાશવાળી અને ગુજરાતની ઉત્તરે હવા સુકી છે.

નકશા ૩ જાની સમજુતી.

ખનીજ—સિંધમાં-ફટકડી, ત્રાંબુ, સીસું, ગંધક.

કચ્છમાં—સુરોખાર, ફટકડી, કોલસા.

કાઠીઆવાડમાં—પથ્થર.

આરાસુરમાં—આરસ.

પંચમહાલમાં—સીસું, લોઢું, મેંગેનીસ.

રાજપીપળામાં - અકીક.

ધારવાડમાં—સોનું અને લોઢું.

દક્ષિણમાં—સુરોખાર.

પેદાશ—સામાન્ય પેદાશમાં ઘઉં, જુવાર, ડાંગર, બાજરી, કઠોળ, વગેરે અનાજ, કપાસ, શેરડી, તમાકુ, અફીણ, ગળી, રૂ, ઉન, ઇમારતી લાકડું, કેળાં, પાન, સોપારી, અને નાળીએર છે. કાઠીઆવાડમાં સીસમ, મહુડા, રાયણ, સાગ, શેરડી અને વાંસ થાય છે. સિંધમાં બાવળનાં ઝાડ ઘણાં થાય છે.

રાધનપુરમાં રૂ અને શેરડી સારી થાય છે.

પંચમહાલમાં મકાઇ અને મહુડાં પુષ્કળ થાય છે. તથા સાગ અને સીસમનાં ઇમારતી લાકડાં થાય છે.

ગુજરાતના ચરોતરના ભાગમાં તમાકુ અને કાનમના ભાગમાં કપાસ સારો થાય છે.

પશ્ચિમઘાટમાં સાગબેર અને વાંસ પુષ્કળ થાય છે.

કોકણમાં નાળીએરી, સોપારી, નાગલી, મીઠું અને હરડાં પુષ્કળ થાય છે. ડાંગેર પણ ઘણી પાકે છે. બાગાયતમાં પાન, પીપર અને કેળાં છે.

કાનડામાં સુખડ ઘણી થાય છે. દરિયા કિનારે નાળીએરી ને સોપારી થાય છે.

આયાત—સુતરાઉ, અને ઉનનાં કપડાં, લોઢું, તાંબુ, ફરનીચર, ખાંડ. કેરોસીન અને કોલસા બહાર દેશાવરથી આવે છે.

જનાવર—


ગાય. ભેંસ, બકરાં, ઘેટાં વગેરે સઘળે જોવામાં આવે છે.

ડુંગરાના જંગલોમાં વાઘ, દીપડા, ચિત્તા, રીંછ, સાબર,. ડુક્કર અને હરણ નજરે પડે છે.


ગીરના પર્વતોમાં સિંહની વસ્તી છે.

સિંધમાં ઉંટ અને ગધેડાં ઘણાં જણાય છે.

કાઠીઆવાડના ઘોડા વખણાય છે.



સિંધ


મુંબાઈ ઈલાકાના ભાગો
અને ભાષાઓ.
સિંધી ભાષા.
સિંધ પ્રાંત.
રજપૂતાના.
કચ્છી ભાષા.
ગુજરાતી ભાષા.
ગુજરાત.
મહારાષ્ટ્ર
મરાઠી ભાષા.
દક્ષિણ મહારાષ્ટ્ર.
કાનડી ભાષા.
કાનડા.

નકશા ૪ થા ની સમજુતી.

૧ **મુંબાઇ ઈલાકાના ભાગો—**

૧ ઉત્તરમાં સિંધ પ્રાંત.

૨ સિંધની દક્ષિણે અને કાઠીઆવાડની ઉત્તરે કચ્છ પ્રાંત.

૩ વચ્ચે ગુજરાત પ્રાંત.

૪ ગુજરાતની દક્ષિણે મહારાષ્ટ્ર.

૫ છેક દક્ષિણે કાનડા.

૨ **મુંબાઈ ઈલાકાના રાજ્યકિય વિભાગ ચાર છે.**

૧ સિંધ વિભાગ. ૨ ઉત્તર વિભાગ. ૩ મધ્ય વિભાગ. અને

૪ દક્ષિણ વિભાગ.

૩ **મુંબાઈ ઇલાકામાં મુખ્ય ભાષાઓ**—નીચે પ્રમાણે વપરાય છે. સિંધમાં સિંધી ભાષા 'વપરાય છે. કચ્છમાં કચ્છીભાષા બોલાય છે. કાઠીઆવાડના દરીઆ કીનારાના ભાગમાં પણ કેટલીક જગ્યાએ કચ્છી ભાષા બોલે છે. ગુજરાતમાં ગુજરાતી ભાષા વપરાય છે. મહારાષ્ટ્રમાં મરાઠી અને દક્ષિણમાં કાનડી ભાષા બોલે છે.

મુખ્ય ધર્મો—૧ હિંદુધર્મ. આ ધર્મના ઘણા જુદા જુદા ફાંટાઓ નીકળેલા છે.

૨ **જૈન ધર્મ.**

આ ધર્મના મુખ્ય બે વિભાગ છે. એક દિગંબરી અને બીજો શ્વેતાંબરી.

૩ **મુસલમાની ધર્મ**—આ ધર્મ પાળનારા લોકો મુસલમાન કહેવાય છે અને તેઓ મહમદ પેગમ્બરને માને છે.

૪ **જરથોસ્ત**—આ ધર્મ પારસી લોકોનો છે અને તેઓ અગ્નિને પૂજે છે.

૫ **ખ્રીસ્તી ધર્મ**—આ લોકો લૉર્ડજીસસ ક્રાઇસ્ટને માને છે.

૫ **લોકોનુ સામાન્ય વર્ણન**—

૧ કચ્છપ્રાંતમાં લોકો ઘણા મજબુત અને સાહસિક છે. તેઓ વેપાર માટે ઘણે દુર દેશાવર જાય છે. મુંબાઇના ભાટીઆ કચ્છનાજ વતની છે. સિંધના લોક સિંધી કહેવાય છે. ત્યાંની વસ્તીનો પોણો ભાગ મુસલમાન છે અને એક ચતુર્થાંશ ભાગ હિંદુ છે. હિંદુ લોકો પણ મુસલમાનના જેવોજ પોશાક પહેરે છે. ગુજરાતમાં વસનારા લોક ગુજરાતી કહેવાય છે તેમજ મુસલમાન તથા પારસી પણ આવીને વસ્યા છે. ગુજરાતમાં મુખ્ય ધંધો ખેતીનો છે. તોપણ ઘણા લોકો મજુરી, વેપાર કે નોકરી ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. આ પ્રાંતમાં વણવાની, લોઢવાની, દળવાની વગેરે ઘણી મીલો છે. જેથી ઘણા લોકોને રોજી મળે છે. લોકો ઉદ્યોગી અને વેપારમાં કુશળ છે. તેમજ પૈસાદાર છે. દક્ષિણમાં દક્ષણી અને મરાઠી લોકો વસે છે. છેક દક્ષિણમાં ખ્રીસ્તી લોકોની વસ્તી વધારે છે. યાહુદીની પણ થોડી વસ્તી છે તેઓ મરાઠી ભાષા બોલે છે અને તેઓની સ્ત્રીઓ દક્ષીણી. દક્ષિણી સ્ત્રીઓને મળતો પોશાક પહેરે છે.

રાજ્યતંત્ર—દરેક ગામે કામ કરવાને પટેલ તલાટી નીમેલા છે. દરેક તાલુકાના ઉપરી મામલતદાર અને દરેક જીલ્લાના ઉપરી કલેક્ટર

નીમેલા છે. દરેક વિભાગના ઉપરીને કમીશનર કહે છે. તે સર્વના ઉપરી ગવરનર સાહેબ છે. ગવરનર સાહેબને મદદ કરવા સારૂ એક રાજ્યકારભાર ચલાવનારી (એક્ઝીકયુટિવ) અને બીજી કાયદા કાનુન બાંધનારી (લેજીસ્લેટીવ) એ પ્રમાણે બે સભાઓ છે. પ્રથમની સભામાં ગવરનર સાહેબ અને બીજા ત્રણ સભાસદ મળી ચાર સભાસદની બનેલી છે. બીજીમાં ઉપલા ચાર સભાસદ ઉપરાંત લોકો તરફથી પસંદ કરેલા આઠ અને બાકીના સરકાર તરફના ચોત્રીસ મળી એકંદર છેતાળીસ સભાસદોની બનેલી છે.

નકશા ૫ માની સમજુતી.

મુંબાઇ ઇલાકાની રેલ્વેઓ—

૧ **બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઇન્ડીઆ રેલ્વે**—આ રેલ્વે મુંબાઇથી નીકળી રતલામ અને અજમેર સુધી જાય છે. ગુજરાતના બધા ભાગમાં આ રેલો જાય છે. તથા તેના ફાંટા કાઠીઆવાડમાં અને વડોદરા રાજ્યમાં (ડભોઈ પાદરા રેલ્વે, શીનોર મીયાગામ રેલ્વે, મહેસાણા રેલ્વે વગેરે) નાના માપમાં નીકળ્યા છે.


૨ **ધી ગ્રેટ ઇન્ડીઅન પેનિનસ્યુલર રેલ્વે**—આ રેલ્વે મુંબાઇથી ભુસાવળ તરફ અને પુના તરફ જાય છે.

૩ **સધર્ન મરાઠા રેલ્વે**—આ રેલ્વે દક્ષિણમાં છે.


૪ **સિંધ પંજાબ રેલ્વે**—આ રેલ્વે સિંધમાં છે.

૨ મુંબાઈ ઇલાકાના બંદરો—

કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદ, ઘોઘા, ભાવનગર, ખંભાત, ભરૂચ, સુરત, મુંબાઈ, જગગડ, રત્નાગિરિ, વિજયદુર્ગ, વેંગુર્લા, ગોવા, અને કારવાર છે.



મુંબાઈ ઈલાકાની રેલ્વે, બંદરો અને દરિઆઈ માર્ગ બતાવનારો નકશો.


મુંબાઈ ઈલાકાનાં દેશી
રાજ્યો.
ખૈરપુર
કચ્છ.
પાલણપુર
ઈડર
સુંથ.
વડોદરા
લુણાવાડા
વાડાસીનોર
દેવગઢ
છોટાઉદેપુર
ખંભાત
રાજપીપળા
મોરબી.
ધ્રાંગધ્રા.
વાંકાનેર
નવાનગર
વઢવાણ.
ધ્રોળ
રાજકોટ
લીંબડી
ગોંડળ
ભાવનગર
પોરબંદર
જુનાગઢ
જાફરાબાદ
દીવ.
સચીન
વાંસદા
ધરમપુર
દમણ
ભોર
જંજીરા
સાતારા
સાંગલી
મિરજ
જત.
કોલ્હાપુર
જમખંડી.
રામદુર્ગ
સાવંતવાડી
મુધોળ
સાવનુર
ગોવા

નકશા ૬ ઠાની સમજુતી.

મુંબાઈ ઇલાકાનાં દેશી રાજ્યો.—

૧ **સિંધમાં**—ખૈરપુર.

૨ **કાઠીઆવાડનાં મુખ્ય દેશી રાજ્યો.—**

હાલારમાં—નવાનગર, મોરબી, ગોંડળ, વાંકાનેર, ધ્રોળ, રાજકોટ.

ઝાલાવાડમાં—ધ્રાંગધ્રા, વઢવાણ, લીમડી.

ગોહીલવાડમાં—ભાવનગર અને પાલીતાણા.

સોરઠમાં—જુનાગઢ, પોરબંદર, જાફરાબાદ અને દીવ.

૩ **ગુજરાતમાં**—વડોદરા, રાધનપુર, પાલનપુર, ખંભાત, ઇડર, લુણાવાડા, વાડાશીનોર, દેવગઢ, બારીઆ, ઉદેપુર, રાજપીપળા, વાંસદા, ધરમપુર અને સચીન.

૪ **મધ્ય વિભાગમાં**—ભોર, ઔંધ, ફલટણ અને અકલકોટ.

૫ દક્ષિણ વિભાગમાં--કોલ્હાપુર, દક્ષિણ મરેઠા જાગીર (સાંગલી, મિરજ, જમખંડી, કુરૂંદવાડ વગેરે), મુધોળ, રામદુર્ગ, જત, સાવનુર, સાવંતવાડી, જંજીરા અને ગોવા.

નકશાની નિશાનીઓ નીચે પ્રમાણે સમજવાની છે,

વગર નિશાનીવાળાં હિંદુ રાજ્યો.

○ મરાઠી દેશી રાજ્યો.

– પોર્ટુગીઝ સંસ્થાનો.

= મુસલમાની રાજ્યો.

☐ હબસીનાં સંસ્થાનો.

નકશા ૭ માની સમજુતી.

૧ મુંબાઇ ઇલાકાનાં જાત્રાનાં સ્થળ—દ્વારકાં, પ્રભાસ-પાટણ, ગઢડા, ગીરનાર, પાલીતાણા, અંબાજી, સિદ્ધપુર, ડાકોર, વડતાલ, ચાણોદ, નાસિક, ત્રંબક, પંઢરપુર અને ઉદવાડા.


ટીપ––ગીરનાર અને પાલીતાણા જૈનનાં જાત્રાનાં સ્થળ છે.


ગઢડા, અને વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયનાં મુખ્ય ધામ છે.

ઉદવાડા પારસીનું જાત્રાનું મુખ્ય સ્થળ છે.

૨ હવા ખાવાનાં ઠેકાણાં—આબુ, ડુમસ, માથેરાન, ખંડાળા, અને મહાબળેશ્વર છે.

નકશામાં આ નામની તળે લીટી દોરવામાં આવી છે.


મુંબાઈ ઈલાકાનાં જાત્રાનાં સ્થળ
અને હવાખાવાનાં ઠેકાણાં.
સિંધ પ્રાંત
આબુ
સિદ્ધપુર
ડાકોર
ગઢડા
દ્વારકા
ગીરનાર
પાલીતાણા
પ્રભાસપાટણ
ઉદવાડા
નાશીક
માથેરાન
મહારાષ્ટ્ર
મહાબળેશ્વર
પંઢરપુર
મહારાષ્ટ્ર


મુંબાઈ ઈલાકાનાં કયાં શેહેર
શાને માટે પ્રખ્યાત છે,
તે બતાવનારો નકશો.
કુરાંચી
ઊમળ, માટીના
વાસણ.
હૈદરાબાદ
શેતરંજી, ચામડાંની
વસ્તુઓ.
ઉમરકોટ.
ધાબળી, શેતરંજી
ચામડાં
રાધનપુર
પાલનપુર
શેરડી.
ભુજ
વીરમગામ
અમદાવાદ
ધોળકા.
ભરૂચ
નડિઆદ
સુરત.
નંદરબાર
ઈમારતીલાકડું
પેઠ
નાશિક
લોટા.
મહારાષ્ટ્ર
પુના.
પાન.
જત.
સુરોખાર
મિરજ
સારંગી, તંબુરા.
દક્ષિણ મહારાષ્ટ્ર

નકશા ૮ માની સમજુતી.

મુંબાઇ ઈલાકાનાં કયાં શહેર શાને માટે પ્રખ્યાત છે તે નીચે પ્રમાણે.

કરાંચી--કામળા અને માટીનાં વાસણ સારાં થાય છે.

હૈદરાબાદ—શેત્રંજી અને ચામડાની વસ્તુઓ સારી થાય છે.

ઉમરકોટ—ધાબળી અને શેત્રંજી સારી વખણાય છે તથા ચામડાની વસ્તુઓ સારી થાય છે.

ભુજ--સુતરેલ તથા રેશમી કપડાં સારાં વણાય છે તથા સોના રૂપાનું કોતરકામ સારૂં થાય છે.

નવાનગર--ભરતકામ સારૂં થાય છે. ત્યાંનું કંકુ વખાણાય છે.

વીરમગામ--પંખા અને સુજની વખણાય છે.

ધોળકા--સુંઠ અને દાડમ સારાં થાય છે.

રાધનપુર--રૂ અને સુરોખાર સારો થાય છે.

પાલનપુર--શેરડી સારી થાય છે.

ખારાઘોડા-- મીઠું પકવવામાં આવે છે.

કપડવણુજ--કાચ અને સાબુ બનાવવામાં આવે છે.

અમદાવાદ--રેશમ, સુતર, અને કસબનાં કપડાં વણવાનાં કારખાંનાં ઘણાં છે.

ખંભાત--સુતરફેણી વખણાય છે. શેત્રંજી અને અકીક કામ સારૂ વખણાય છે.

નાંદોદ--ઇમારતી લાકડાં, વાંસ, મધ અને મીણ ઘણું થાય છે.

સુરત--બરફી અને પાપડી વખણાય છે, હાથીદાંતનાં રમકડાં અને સુખડનું કોતરકામ સારૂં થાય છે.

પેંઠ--પાઘડીઓ સારી થાય છે.

નાસિક--લોટા અને પીતળનાં વાસણ વખણાય છે.

પુના--પાન વખણાય છે.

જત—સુરોખાર ઘણો થાય છે.

મિરજ—સારંગી અને તંબુરા સારા થાય છે.

નકશા ૯ માની સમજુતી.

મુંબાઈ ઈલાકાના દરેક પ્રાંતના જીલ્લા અને તેનું મુખ્ય શહેર.

૧ સિંધપ્રાંત.

જીલ્લો	મુખ્ય શહેર	જીલ્લો	મુખ્ય શહેર
૧ કરાંચી જીલ્લો	કરાંચી	૨ હૈદરાબાદ જીલ્લો	હૈદરાબાદ
૩ થર અને પારકર	ઉમરકોટ	૪ સક્કર જીલ્લો	સક્કર
૫ લારખાના જીલ્લો	લારખાના	૬ સિંધનો ઉપલો સરહદનો મુલક	જેકોબાબાદ

૨ કચ્છ પ્રાંત.—મુખ્ય શહેર ભુજ

૩ ગુજરાત અને થાણા (ઉત્તર વિભાગ.)

૧ અમદાવાદ જીલ્લો	અમદાવાદ	૨ ખેડા જીલ્લો	ખેડા
૩ ભરૂચ જીલ્લો	ભરૂચ	૪ પંચમહાલ જીલ્લો	ગોધરા
૫ સુરત જીલ્લો	સુરત	૬ થાણા જીલ્લો	થાણા

એજન્સીઓ.

૧ પાલનપુર એજન્સી, ૨ મહીકાંઠા એજન્સી, ૩ રેવાકાંઠા એજન્સી, ૪ પંચમહાલ એજન્સી, ૫ સુરત એજન્સી, ૬ ગાયકવાડનું રાજ્ય, ૭ ખંભાતનું રાજ્ય, ૮ કાઠીઆવાડ.

૪ મહારાષ્ટ્ર (મધ્ય વિભાગ.)

૧ પશ્ચિમ ખાનદેશ	ધુળીઆ	૨ પૂર્વ ખાનદેશ	જળગામ
૩ નાસિક જીલ્લો	નાસિક	૪ અહમદનગર જીલ્લો	અહમદનગર
૫ પુના જીલ્લો	પુના	૬ સતારા જીલ્લો	સતારા
૭ સોલાપુર જીલ્લો	સોલાપુર		

સંસ્થાનો—સતારા જાગીર, ભોર, ઔધ, ફલટણ અને અકલકોટ.


૫ દક્ષિણ મહારાષ્ટ્ર (દક્ષિણ વિભાગ.)

૧ બિજાપુર જીલ્લો.	બિજાપુર	૨ બેલગામ જીલ્લો	બેલગાંમ
૩ ધારવાડ જીલ્લો	ધારવાડ,	૪ કાનડા જીલ્લો	કારવાર
૫ રત્નાગિરિ જીલ્લો	રત્નાગિરિ	૬ કોલાબા જીલ્લો	અલીબાગ.

દક્ષિ મરાઠા જાગીર. સાંગલી, જમખંડી, મિરજ, અને કુરુંદવાડ.



મુંબાઈ ઈલાકાના
જીલ્લા અને તેનું મુખ્ય શહેર.
સિંધ પ્રાંત
કરાંચી
હૈદરાબાદ
માંડવી
રાજકોટ
ગુજરાત
પોરબંદર
જુનાગઢ
અમદાવાદ
સુરત
નાશીક
મહારાષ્ટ્ર
ઠાણા
મુંબાઈ
અહમદનગર
પુના
સોલાપુર
સતારા
રત્નાગીરી
કોલ્હાપુર
બેલગામ
ધારવાડ
સાવંતવાડી
કારવાર
કાનડા



મુંબાઈ ઈલાકાનો —
નકશો,
રજપુતાના
સિંધ પ્રાંત
હૈદરાબાદ
કરાંચી
માંડવી
અમદાવાદ
રાજકોટ
ગુજરાત
જુનાગઢ
ગીરનાર
પોરબંદર
દીવ
ખંભાત
ગોધરા
વડોદરા
મધ્ય હિંદુસ્તાન
સુરત
નાશક
મુંબાઈ
પુના
રત્નાગિરિ
ગોવા